જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૭/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૩૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૨૧૧ લીટર દેશી દારૂ, ૨૯૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૪,૨૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૩૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૩૪/૨૦૨૫**

ઈસનપુરઃ મહેન્દ્રસિંહ ગીરવતસિંહ રાવલજી (ઉ.વ.૬૫) (રહે.વૃંદાવન સોસાયટી ઉત્તમનગર કેનાલ ગાર્ડન ઈશ્વરનગર સામે ઘોડાસર) એ તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૭/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ થી ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઘોડાસર બ્રાન્ચ એસ.બી.આઈ.બેંક ખાતે મોબાઈલ નંબર +૪૪ ૭૩૫૦૮૦૦૮૨૮ ના ધારકે મહેન્દ્રસિંહ રાવલજી નાઓને ફોરેક્ષ ઈન્વેસ્ટમેન્ટના નામે રોકાણ કરીને વધુ પ્રોફીટ મેળવવાની લાલચ આપી રૂપિયા ૨,૦૦,૦૨૩/– મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.ચારણ ચલાવે છે.

નવરંગપુરાઃ મેઘા કર્દપ ત્રીવેદી (ઉ.વ.૩૪) (રહે. અપુર્વ એપાર્ટમેન્ટ સન ફોટો પાછળ એસ.એમ.રોડ આંબાવાડી) એ તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે એપ્રીલ–૨૦૨૧ થી તા.૨૪/૧૦/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન સામવેદ હોસ્પીટલ સામે ૩૦૬/કોમર્સ સિક્સ કોમ્પલેક્ષ ખાતે આવેલ "કેશવમ ઇન્ટરનેશનલ" ના માલિક કુશલભાઇ પટેલ તથા ઉષાબહેન પટેલ નાઓએ ભેગા મળી મેઘા ત્રીવેદી નાઓને કેનેડા ખાતેના વર્ક પરમીટ વિઝા અપાવવાનો ભરોસો આપી રૂપિયા ૫,૦૦,૦૦૦/– મેળવી વર્ક પરમીટ વિઝા નહી અપાવી તેમજ આપેલ રૂપિયા પરત નહીં આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

લુંટઃ– **સમાચાર યાદી નં.૧૦૩૫/૨૦૨૫**

એલિસબ્રિજઃ રાજુભાઇ ચંદ્રભાણસિંહ રાજપુત (ઉ.વ.૩૦) (રહે. નેહલપાર્ક આદીનાથનગર ઓઢવ) એ તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ એલિસબ્રિજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૫ સવારના ૪/૧૫ વાગ્યાના સુમારે એલિસબ્રિજ ઉપર બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીકથી મોટર સાયકલ ઉપર બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રાજુભાઇ રાજપુત નાઓને છરી બતાવી બેગ ઝુટવી લઇ નાસી ગયા હતા. જે બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૭૨,૦૦૦/– તેમજ જરૂરી કાગળો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.સુસરા ચલાવે છે.

વસ્ત્રાપુરઃ વસ્ત્રાપુર ગામ રબારીવાસ ખાતે રહેતા યશપાલ મરતાજી મીણા (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ.સરૂ તા.ગીરવા જી.ઉદયપુર રાજસ્થાન) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૭/૨૦૨૫ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે ગુજરાત યુનિવર્સિટી બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીક એક કાળા રંગના એક્ટીવા ઉપર આવેલ ચાર પુરૂષો યશપાલ મીણા નાઓને છરી વડે ઈજાઓ કરી મોબાઇલ ફોન તથા સોનાની બુટ્ટી નંગ–૨ મળી રૂપિયા ૩૦,૦૩૦/–લૂંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૦૩૬/૨૦૨૫**

વટવા જીઆઈડીસીઃ જશોદાનગર નવી વસાહત મેલડી માતાના મંદીર પાસે રહેતા હરીશ કાળુભાઇ મીણા (ઉ.વ.૩૮) (મુળ વતન. ગામ–કરજી તા–રીષભદેવ જી–ઉદેપુર રાજસ્થાન) નાઓ તા.૨૫/૦૭/૨૦૨૫ કલાક ૧/૪૫ વાગ્યાના સુમારે વટવા જીઆઈડીસી ફેઝ–૪ પ્લોટ નંબર–૫૦૮ એમ.એ.એન્ટરપ્રાઈઝ નામની પતરા બનાવવાની કંપનીમા મજુરી કામ કરતા હતા ત્યારે પેટના ભાગે પતરૂ વાગતા ગંભીર ઈજા થતા તેમનું મૃત્યુ નિપજયુ હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૦૩૭/૨૦૨૫**

નરોડાઃ નાના ચિલોડા સોમેશ્વર મંદિર પાછળ શિવાનંદ ઓપ્યુલન્સ સાઇટ લેબર કોલોની ખાતે રહેતા અને ત્યાં જ કામ કરતા નિતેશ સ/ઓ મણિલાલ ચરપોટા (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ–માજીયા નાહલી અર્થુના નાહલી બાંસવાડા રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૭/૨૦૨૫ સવારના ૪/૦૦ વાગ્યા પહેલા શિવાનંદ ઓપ્યુલન્સ સાઇટના બી બ્લોક આગળ બીજા માળે દિવાલ પાસે લોખંડના પાલક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ફતેસિંહ દેવુસિંહ ચલાવે છે.

વટવાઃ લાલસિંહ રૂપસિંહ પરમાર (ઉ.વ.૩૭) (રહે. શિવાજીનગર રાજેન્દ્રપાર્ક અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૭/૨૦૨૫ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે વટવા અયોધ્યા એપાર્ટમેન્ટ પાસે ઓમ શાંતિ બંગલો ખાતે રહેતા ઓળખીતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.પી.પટેલ ચલાવે છે.

દાણીલીમડાઃ મહંમદનસીમ સિરાજુદ્દીન અંસારી (ઉ.વ.૩૪) (રહે.ન્યુ ફૈસલનગર નમકવાળી છેલ્લી ગલી બોમ્બે હોટલ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૭/૨૦૨૫ કલાક ૮/૧૫ વાગ્યા પહેલાં પોતાના ઘરે છતનાં પતરાની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઇ નાથુભાઇ ચલાવે છે.

કાગડાપીઠઃ હરીશભાઇ શીવાભાઇ પરમાર (ઉ.વ.૪૦) (રહે. રામપુરાની ચાલી, જય ભીમ પાંચ બંગ્લા સામે ગીતામંદિર રોડ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૭/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલાં પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી